બે પ્રસંગો

# બાલીયો હજામ

—રસીક ઝવેરી

અમારી શેરીનાં એકબે રેખાચીત્રો અહીં ઉતારવાનું મન થાય છે. એક જણ મને ખાસ યાદ રહી ગયો છે—બાલીયો હજામ. સેફ્ટી રેઝરનો વપરાશ એ ટાણે નહીં. હાથે દાઢી બનાવવામાં લોકો હીણપત માનતા. રોજ દાઢી બોડવાનોયે ચાલ નહીં. શની અને મંગળવારે તો કોઈ હજામ પાસે બેસે જ નહીં. બાલુ નાયી, હનુમાન ગલીનો માનીતો હજામ. ઠંડા મીજાજનો. ઉતાવળમાં સમજે નહીં. એનો હાથ હળવો. પુરો કસબી. ટૂંકું ધોતીયું પહેરણ અને રુપાનાં બટનવાળું જાકીટ પહેરતો. માથે લાલ ફેંટો બાંધે. કાનમાં છેલકડી લટકાવે. મોટી ભરાવદાર મુછોવાળો. પરોઢથી બદામના ઝાડ હેઠળ બેસી રહે. દીવસ ચડતો જાય ને બાલુનાં માનપાન વધતાં જાય. ઉપરથી ‘છીત ! છીત !’ કરીને કોઈ એને બરકતું જ હોય. બાલીયો બે પૈસામાં હજામત કરે. વાળ કાપવાના બે આના. નાના છોકરાનો અડધો ચાર્જ. ઝાઝુંઝાખરું તો મહીનો પુરો થયે ચારઆઠ આના સામટા અપાય. વારપરબે સુખડી મીઠાઈ. ખભે ચામડાની ‘ધોપટી’ - એમાં બધો સરંજામ ભરેલો હોય. વાળ કાપવાનાં મશીન, અસ્ત્તરા, કાતર, દાંતીયો, કોપરેલ તેલની શીશી, અરીસો, નખ કાપવાની નેરણી, પાણી માટે ટીનની વાટકી, શેવીંગ બ્રશ, સનલાઈટ સાબુની ગોટી, ફટકડીનો કટકો અને વાળ ઝીલવા માટે ગળે બાંધવાનો લાલ કટકો.... એવો એનો અસબાબ જોવામાં મને ખુબ મજા પડતી.

હજામને કોઈ અડે નહીં. હજામત કરાવીને તરત નહાવું પડે. ચાનો ટાઈમ હોય તો બાલુને ચા મળે; પણ એ માટે એણે પોતાનો પીત્તળનો વાટકો ભેળો રાખવો પડે. ‘ક્લીનશેવ’નો એ વખતે બીલકુલ રીવાજ નહીં. બધા મુછ રાખે, મુછના કટ નોખનોખા, ચાર્લી ચેપલીન કટ ટુંકી મુંછો ફેશનમાં ગણાતી. કોઈ કોઈ ભરાવદાર થોભીયાં રાખે. વાળ કપાવવામાં પણ જુદી જુદી ઢબ. કોઈ સફાચટ ટકો મુંડો કરાવે, કોઈ અડધે માથે ઘારી રખાવે, વચમાં સેંથો પાડી વાળ ઓળવાની પણ એક ફેશન. એ પછી શહેનશાહ પંચમ જ્યોર્જ જેવી બાબરી પાડવાનો શોખ ફરતો થયેલો. ક્યાંક ભુલથી કાતર ફરી જાય એ બીકે, કે પછી આદતના જોરે, ચાલુ વાળ કાપતી વખતે બાલુ ચોટલી

પકડી રાખતો, વાળ કપાઈ રહે એટલે નેરણીથી નખ કાપી આપે. ઘણા બગલ લેવરાવતા. બહુ લાંબા વાળ કોઈ ખાસ ના રખાવે. એવા શોખીનો 'દી ઉઠેલ'માં ખપતા.

વરસો પછી એક વાર અચાનક કાલબાદેવીને રસ્તે પસાર થતાં બાલુનો ભેટો થઈ ગયો. આંખે મોતીયો ઉતરાવેલો. મોટા કાચનાં ચશ્માં પહેરેલાં. હું તો એને ઓળખી ન શક્યો; પણ એણે મને આબાદ વરતી કાઢ્યો. ખભે હાથ મુકી ઉભો રાખ્યો, કહે, 'અરે બચુશેઠ! કેટલે વરસે તને જોયો ! કુઠે રહાતે આતાં?' કોઈ નીકટનું સ્વજન મળી જાય એવો આનંદ એની આંખમાં આંજેલો દીઠો. હું એને તાણ કરી હૉટેલમાં ચા પીવા લઈ ગયો. મને કહે, 'હું નાયી, તું મહાજન, આપણે બે હૉટેલમાં ભેળા બેસી ચા પીએ એ દીવસો આવી ગયા. જમાનો કેટલો બદલાઈ ગયો છે !' પછી ઘરનાં બધાનાં ખબરઅંતર પુછ્યા. વહુ કેમ છે? કેટલા દીકરા? કેટલી દીકરી? હું શું કરું છું? બધું વીગતે પુછ્યું. મારા પીતાના અવસાનના ખબર જાણી એની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. ઘણી જુની વાતો ઉથલાવી ઉથલાવીને યાદ કરી, ગળગળો થઈ ગયો. કહે, 'હવે તો દાણાબંદરમાં મુકાદમી કરું છું. નાયીનું કામ તો વરસોથી છોડી દીધું છે.' નીરાંતે ચા-નાસ્તો પતાવ્યાં. મેં કહ્યું, 'કંઈ કામ હોય તો કહેજે.' તો કહે, 'પાંડુરંગની દયા છે, તેં આટલું કહ્યું એનો મને રાજીપો છે. આવું કહેનારાયે આજે કેટલાં?' વેઈટર બીલનું પતાકડું મુકી ગયો એ બાલુએ લઈ લીધું. મેં ઘણી રકઝક કરી; પણ એણે મારી એકેય વાત કાને ના ધરી, કહે, 'નકો બચુશેઠ ! તારી માએ મને ખુબ ખવરાવ્યું-પીવરાવ્યું છે. આજે તું ઘણે વરસે મળ્યો. તારાં બાળબચ્ચાંના ખબર જાણી જીવને ટાઢક થઈ. મારું ગરીબનું આટલું વેણ રાખ. પૈસા તો હું જ ચુકવીશ. હવે વળી આપણે ક્યારે મળવાના?'

ખરી વાત છે. આ છલનામયી મુંબઈ નગરીમાં બાલુ મને ભેળો થઈ ગયો એ તો નર્યો અકસ્માત ! અને તેય હું તો એને ઓળખીયે ના શક્યો ! આંખે ઝાંખપ છતાં, હૈયે સંઘરી રાખેલા હેતને અણસારે એણે મને પીછાણ્યો, એ વળી બીજો અકસ્માત ! નહીંતર આજે, આ ઝડપના જમાનામાં જુના સમ્બન્ધોની કોને પડી છે? કોણ, કોને સ્વાર્થ વીના મળવા નવરું છે?

(સ્વ. રસીક ઝવેરી લીખીત 'દીલની વાતો' ભાગ-1નાં પાનાં : 136થી 138 પરથી સાભાર..)

(૨)

## મોતની મુરવ્વત

મરણ ટાણે કાંધ દેવાની વાતના અનુસન્ધાનમાં મને મેઘાણીભાઈની યાદ આવી જાય છે. વરસો પહેલાંની વાત છે. એ વખતે હું કોઈ કામસર નાસીક ગયેલો. ત્યાં એ રાત્રે મેઘાણીભાઈનો લોકસાહીત્યનો ડાયરો જામવાનો હતો. એ મીજલસ માણવાનું મન તો ઘણું હતું; પણ જે ધર્મશાળામાં હું ઉતર્યો હતો ત્યાં બોટાદના એક વૃદ્ધ પુરુષનું સાંજે અવસાન થયું. નાસીકમાં પતી-પત્ની જાત્રાએ આવ્યાં હતાં. પતીનું અણધાર્યું અવસાન થતાં, ડોસીના કલ્પાંતનો પાર નહોતો. આસપાસ રહેતી ગુજરાતી બહેનો એમને આશ્વાસન આપી રહી હતી. અમે પુરુષો ધર્મશાળાની બહાર રસ્તા પર, એ અજાણ્યા દેશવાસીને અવલ-મંઝીલે પહોંચાડવાની તૈયારી કરી રહ્યા હતા. અમે ત્રણ અજાણ હતા. બીજા વધુ માણસો ભેગા થાય એની રાહ જોતા ખભે ધોતીયાં નાખીને ઉભા હતા. ત્યાં ઝવેરચંદભાઈ એ રસ્તેથી જ નીકળ્યા. તેઓ કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા. માથે ધોળો બાસ્તા જેવો ફેંટો, ધોતીયું, કફની અને બંડી, - ગમે ત્યાં વર્તાઈ આવે અને એમને છતા કરી દે એવો એ કાયમી વેશ. મારા અંગત સ્નેહી. મારા મોસાળ સાથે તો એમને વરસો જુની ઘરવટ. હું એમને 'મામા' કહીને બોલાવું. મને રસ્તા પર આમ ડાઘુવેશમાં ઉભેલો જોઈ એ રોકાઈ ગયા. કહે, 'અરે, બચુભાઈ ! તું અહીં, આ વેશમાં? કેમ, શું થયું?'

મેં કહ્યું, 'ધરમશાળામાં અહીં આજે બોટાદના એક વૃદ્ધનું અવસાન થયું છે. ધણીધણીયાણી બેઉ અજાણ્યાં, આપણા દેશનાં છે. હજી એકબે જણ વધુ ભેગા થાય એટલે ડોસાને સ્મશાન પહોંચાડવા અહીં ઉભા છીએ. ડાયરામાં આવવાનું ખુબ મન હતું; પણ અંજળપાણીની વાત છે.'

'અરે રે ! એમ વાત છે ? લે ત્યારે, એક જણ તો આવી ગયો ગણી લે,' મેઘાણી બોલ્યા. મેં કહ્યું, 'ના મામા, તમતમારે જાઓ. અહીંનું તો થઈ રહેશે. ત્યાં કેટલાયે માણસો તમારી રાહ જોતા હશે. અમને તો ખુબ મોડું થશે.'

'અરે, ભાઈ બચુ ! આ તું શું બોલ્યો? એક અતરાપી જણની લાશ અહીં પડી છે અને હું ત્યાં નીરાંતજીવે જલસો કરવા જાઉં, એ કદી બને ખરું? એ તો રોજનું થયું, ભાઈ ! આજે તો હવે પહેલું કામ આ ને પછી બીજું બધું.' કહેતાંક ને ઝવેરચંદભાઈએ માથેથી ફાળીયું કાઢી કેડે વીંટી લીધું અને ઠાઠડી તૈયાર કરવાના કામમાં અમારી ભેળા શામીલ થઈ ગયા.

સો સો સલામું આપની ખાનદાનીને ઝવેરચંદભાઈ !

–સ્વ. રસીક ઝવેરી

(સ્વ. રસીક ઝવેરી લીખીત 'દીલની વાતો' ભાગ-1નાં પાનાં : 45થી 47 પરથી સાભાર..)

સાભાર અક્ષરાંકન - ગોપાલ પારેખ – વાપી : એમનો Blog : https://gopalparekh.wordpress.com

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષઃ બારમું – અંક : 366 – January 22, 2017

'ઉંઝાજોડણી'માં સાભારઅક્ષરાંકન : ગોપાલ પારેખ - ghparekh414@gmail.com

@@@


Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,31,50,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 70,82,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,97,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 4,75,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com


@@@@@@@@@